# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 03-03-2021 સવારે : 7.00 થી 7.10

- ✓ નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ અંદાજપત્ર 2021 – 22 આજે વિધાનસભા ગૃહમાં રજૂ કરશે
- ✓ ગુજરાતની 31 જિલ્લા પંચાયત , 231 તાલુકા પંચાયત અને 81 નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપનો વિજય.
- ✓ રાજ્યમાં વરિષ્ઠ નાગરિકોને કોવિડ રસીકરણનું કામ સુચારુ રૂપે ચાલી રહ્યું છે. ગઇકાલે 46 હજારથી વધુ વડીલોએ કોવિડની રસી લીધી.
- ✓ રાજ્યમાં કોરોનાના દર્દીઓ નોંધાવાનો સીલસીલો યથાવત - ગઇકાલે રાજ્યમાં 454 નવ દર્દીઓ નોંધાયા.

ગુજરાત વિધાનસભામાં આજે નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નીતીનભાઇ પટેલ આગામી નાણાંકીય વર્ષનું અંદાજપત્ર ગૃહમાં રજુ કરશે.

શ્રી નીતીની પટેલ આજે નવમી વખત અંદાજપત્ર રજુ કરશે. અંદાજપત્રમાં રાજયના અર્થતંત્રને વેગ આપવાની સાથે મહત્તમ રોજગારી નિર્માણ થાય તેની પર તથા નાના અને મધ્યમ ઉદ્યોગોને કામગીરીમાં સરળતા રહે તેની પર ધ્યાન કેન્દ્રીત કરાય તેવી સંભાવના છે.

નાગરીકો અંદાજપત્રની વિગતો સરળતાથી જોઇ શકે તે માટે રાજય સરકારે એક એપ લોન્ચ કરી છે જેની મદદથી અંદાજપત્ર ઓનલાઇન જોઇ શકાશે.

.................

ગુજરાતની 31 જિલ્લા પંચાયત , 231 તાલુકા પંચાયત અને 81 નગરપાલિકા ની ચૂંટણી માં ભારતીય જનતા પક્ષ ને ભારે બહુમતી ધરાવતો અભૂતપૂર્વ જનાદેશ મળ્યો છે.

વિધાનસભાની પેટા ચૂંટણી અને મહાનગરપાલિકા બાદ પંચાયતોમાં પણ ભાજપે બહુમતી મેળવી છે.

મતગણતરીનું વહેણ ભાજપ તરફી હોવાનું બપોરે ફલિત થતાં જ ગાંધીનગર નજીક કોબા ખાતે આવેલા પ્રદેશ કાર્યાલય માં વિજય ઉત્સવ શરૂ થઈ ગયો હતો. સફળતા ની શુભેચ્છા કાર્યકરો ને પાઠવવા માટે પ્રદેશ પ્રમુખ સી. આર. પાટિલ ની સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ શ્રી કમલમ પહોંચ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણી એ જીત ની ખુશી વ્યક્ત કર્યા કહ્યું હતું કે ટિમ ભાજપ વતી તેઓ જનતા નો આભાર માને છે. પત્રકારો સાથે વાત કરતાં શ્રી રૂપાણી એ ઉમેર્યું હતું કે કોંગ્રેસને આટલો મોટો જાકારો જનતા એ ગુજરાત માં કદી આપ્યો નહીં હોય .

(બાઈટ વિજય રૂપાણી)

ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટિલે ચૂંટણી પરિણામો ને વધાવી લેતા કહ્યું હતું કે ભાજપ સરકાર ની ઉત્તમ કામગીરી ના આધારે લોકો એ ભાજપ ને મત આપી સત્તા નું સુકાન સોંપ્યું છે.

(બાઈટ સી. આર. પાટિલ)

.................

સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ ની ચૂંટણી ની મત ગણતરીની સત્તાવાર રીતે બહાર પડેલી રાજ્ય કક્ષા ની છેલ્લી માહિતી આ પ્રમાણે છે.

ભાજપ ને જિલ્લા પંચાયત માં 771 , તાલુકા પંચાયત માં 3236 અને નગરપાલિકા માં 2027 બેઠક મળી છે.

જ્યારે કોંગ્રેસ્સ ને જિલ્લા પંચાયત માં 162, તાલુકા પંચાયત માં 1201 અને નગરપાલિકા માં 375 બેઠક મળી છે.

અપક્ષ ને જિલ્લા પંચાયત માં ત્રણ , તાલુકા પંચાયત માં 112 અને નગરપાલિકા માં 168 બેઠક મળી છે.

આમ આદમી પાર્ટી ને જિલ્લા પંચાયત માં બે , તાલુકા પંચાયત માં 31 અને નગરપાલિકા માં 9 બેઠક મળી છે. જ્યારે

બહુજન સમાજ પાર્ટી ને જિલ્લા પંચાયત માં એક , તાલુકા પંચાયત માં ચાર અને નગરપાલિકા માં 6 બેઠક મળી છે.

જ્યારે અન્ય વિજેતાઓને ફાળે ગયેલી બેઠક ની સંખ્યા જોઈએ તો જિલ્લા પંચાયત માં ચાર , તાલુકા પંચાયત માં 16 અને નગરપાલિકા માં 24 બેઠક તેમના ફાળે ગઈ છે

.................

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપની જીત બદલ મતદારોનો આભાર માન્યો છે.

પોતાના ટ્વિટમાં શ્રી મોદીએ કહ્યું છે કે ગુજરાતભરની નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીના પરિણામોએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ભાજપના વિકાસ અને સુશાસનના એજન્ડાનું દ્રઢતાપૂર્વક સમર્થન ગુજરાત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે ભાજપ પ્રત્યેની અવિરત શ્રદ્ધા અને સ્નેહ માટે તેઓ ગુજરાતની જનતાને નમન કરે છે.

ગૃહમંત્રી અમિત શાહે પણ ભાજપને બહુ મોટી જીત આપવા બદલ ગુજરાતના મતદારોનો આભાર માનતું ટ્વિટ કર્યું છે. તેમણે કહ્યું છે કે પ્રધાનમંત્રી મોદીના વિકાસને સમર્પિત નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કરવા લોકો

એ ભાજપને જીત આપી છે. શ્રી શાહે ભાજપ ના અદના કાર્યકરો ની મહેનત ને આ વિજય નો યશ આપ્યો છે.

.................

ટોચ ફેર જીંગલ વગાડવી

.................

રાજ્યમાં વરિષ્ઠ નાગરિકોને કોવિડ રસીકરણનું કામ સુચારુ રૂપે ચાલી રહ્યું છે. રસીકરણના ગઇકાલે બીજા દિવસે મોટી ઉંમરના નાગરિકોએ રસીકરણને બહોળો પ્રતિસાદ આપ્યો છે.

ગઇકાલે રાજ્યભરમાં 60 વર્ષથી વધુ વયના તેમજ 45થી 60 વર્ષના ગંભીર બીમારી ધરાવતાં કુલ 46 હજાર 489 વ્યક્તિઓનું રસીકરણ કરાયું છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં નવ લાખ 41 હજાર 602 વ્યક્તિઓને રસીનો પ્રથમ ડોઝ અને એક લાખ 91 હજાર 351 વ્યક્તિઓને રસીનો બીજો ડોઝ અપાઈ ચૂક્યો છે.

અત્યાર સુધીમાં રાજ્યમાં એકપણ વ્યક્તિમાં રસીની ગંભીર આડઅસર જોવા મળી નથી.

.................

રાજ્યમાં કોરોનાના દર્દીઓ નોંધાવાનો સીલસીલો યથાવત રહ્યો છે. ગઇકાલે રાજ્યમાં 454 નવ દર્દીઓ નોંધાયા છે.

ગઇકાલે સૌથી વધુ 112 દર્દીઓ અમદાવાદ શહેરમાં, 81 સુરત શહેરમાં, 74 વડોદરા શહેરમાં, 45 રાજકોટ શહેરમાં નોંધાયા છે.

ઉલ્લેખનીય છે કે, ડાંગ, નવસારી, નર્મદા, પોરબંદર, સુરેન્દ્રનગર અને તાપી જિલ્લામાં ગઇકાલે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

રાજ્યભરમાં હાલ બે હજાર 422 દર્દીઓ સારવાર હેઠળ છે. જેમાંથી બે હજાર 48 દર્દીઓની સ્થિતિ સ્થિર છે.

ગઇકાલે વધુ 361 દર્દીઓ સાજા થતા સાજા થનાર દર્દીની કુલ સંખ્યા બે લાખ 63 હજાર 837 થઈ છે અને સાજા થવાનો દર 97.44 ટકા થયો છે.

રાજ્યમાં ગઇકાલે કોરોનાને કારણે એક મોત નોંધાયું નથી.

.................

સમાજની સેવા તો લોકો અનેક પ્રકારે કરતાં હોય છે પરંતુ ગામમાં શૌચાલય બનાવવાની સેવા પહેલી વાર જોવા મળે છે એ પણ તાપી જેવા આદિવાસી પંથકમાં.

તાપી જિલ્લાના રમિલા બહેન ગામિતે છેલ્લા છ વર્ષથી જાતમહેનથી સાતસો જેટલા શૌચાલયોનું નિર્માણ કરી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સ્વચ્છ ભારત ઝુંબેશને આગળ વધારી છે.

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે યોજાયેલી વિશેષ શ્રેણીમાં સાંભળીએ રમિલા બહેન ગામીતને

(બાઇટ- રમિલા બેન)

.................

ગુજરાત રાજય સહકારી ટ્રીબ્યુનલ, અમદાવાદનું ઉનાળુ વેકેશન ૧૦મી મે થી થી ૧૧ જુન સુધી જાહેર કરવામાં આવ્યું છે. તે દરમિયાન કોર્ટની રેગ્યુલર સુનાવણીની કાર્યવાહી બંધ રહેશે. તાકીદની અરજીઓ , મનાઇ હુકમ વગેરેની અગત્યની બાબતોની કોર્ટ કાર્યવાહી ટ્રીબ્યુનલ કામકાજના દિવસોએ સવારે ૧૧.30 થી બપોરે ૧.30 કલાક સુધી હાથ ધરવામાં આવશે. વેકેશન દરમિયાન ટ્રીબ્યુનલથી કચેરી રાબેતા મુજબ ચાલુ રહેશે.

.................

જેઈઈ મેઇન પરીક્ષા આ વર્ષે બેની બદલે ચાર વખત લેવાનાર છે. ત્યારે NTA દ્વારા બીજી, ત્રીજી અને ચોથી પરીક્ષાની તારીખો જાહેર કરાઈ છે. JEE મેઇનની પ્રથમ પરીક્ષા 22થી 28 ફેબ્રુઆરી દરમિયાન યોજાઈ હતી.

બીજી વખતની પરીક્ષા 15થી 18 માર્ચ દરમિયાન યોજાશે.

ત્રીજી વખતની પરિક્ષા 27થી 30 એપ્રિલ અને ચોથી વારની પરીક્ષા 24થી 28 મે દરમિયાન પરીક્ષા યોજાશે.

ત્રીજા ને ચોથા તબક્કાની પરીક્ષાના ફોર્મ ભરવાની તારીખો હવે પછી જાહેર થશે.

.................

ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના આવેદનપત્રો ભરવાની કામગીરી એક દિવસ વધુ લંબાવાઈ છે.

ઉલ્લેખનીય છે કે, આવેદનપત્રો તથા ફી ભરવાની અંતિમ તારીખ 2જી માર્ચ હતી. પણ આવેદનપત્રોમાં શાળા કક્ષાએ સુધારા કરવા અને આચાર્યની એપ્રુવલ માટે વધુ એક દિવસ ઓનલાઈન સુવિધા ચાલુ રહેશે. આજે રાત્રે 12 વાગ્યા બાદ કોઈપણ સુધારા કરી શકાશે નહીં.

2 જી માર્ચ બાદ કોઈ વિદ્યાર્થીનું આવેદનપત્ર ભરવાનું બાકી રહી ગયું હોય તેમણે 22 માર્ચ સુધીમાં બોર્ડની વિજ્ઞાનપ્રવાહ શાખાનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

.................